# ચેહર ચાલીસા



પ. પુ. શ્રી રામજી બાપુ





પ. પુ. શ્રી રાજુભાઈ ભુવાજી

## રાજુ રામજીની ચેહર

**ચેહર માતાનું મંદિર – ચેહર પરિવાર**
**પટેલ સોસાયટી, શાહીબાગ રોડ, અમદાવાદ–૪**

ૐ શ્રી હ્રી શ્રેષ્ઠ 'ચેહર' નમઃ કરતા જાપ અખંડ,
કોટી નમન ચેહર માત કો, શક્તિ સ્વરૂપ પ્રચંડ,
જગતજનની મંગલ કરની, ચેહર સુખ થાય,
પ્રણવ્યે અંબિકા, સ્વધા સ્વાહા, પૂરન કામ.

ૐ ચેહર બાવની માતા નમઃ

ૐ નમઃ શિવાય

પ્રથમ નમું ગણપતિ મહારાજ,
જેને સમરે સુધરે કાજ.

॥ ૐ ગમ ગણપતયે નમઃ ॥

# ચેહર ચાલીસા

દોહા : પરમ પદ પામવા કાજે, ૐ ચેહર જપે સો વાર
વળગી બલા અળગી રહે, સુધરી જાય સંસાર.

ગણેશજીને કર પ્રણામ, સરસ્વતી મા આવે યાદ,
આરંભુ 'ચેહર' મારી મા, ભક્તોનો સાંભળજે સાદ ॥૧॥
જગતજનની ચેહર માત, શક્તિ રૂપે તું સાક્ષાત્,
ચેહર પ્રગટ્યાં હાલડી ગામ, વસંત પંચમીનો શુભ યોગ વાર ॥૨॥
કુમકુમ કેસરની છે આડ, નાકે નથણી કાને કુંડળ,
અદ્‌ભુત કાંતિ રૂપની ખાણ ॥૩॥
ધરતાં ધ્યાન થાય પ્રકાશ, કામ ક્રોધનો થાય જ નાશ,
અણુઅણુમાં તારો વાસ, 'શાહીબાગ'માં તારો પ્રકાશ ॥૪॥
રણછોડપુરા જઈ કીધો વાસ, સાવધરકુળમાં તું સાક્ષાત્,
રામજીબાપુના હૃદયે વાસ, ચેહમરમા તું જગ-વિખ્યાત ॥૫॥

ગુજરાત મધ્યે મરતોલી ગામ, ચેહરમાનાં ત્યાં રૂડાં ધામ,
મીઠી વરખડીની લીલી છાય, આવતાં જતાં સૌ કરે પ્રણામ ॥૬॥
સોળ વરસના ચેહર થાય, શિવભક્તિમાં લીન થાય,
ગુરુ ઓઘડનાથ મહારાજ, ચેહર સમરે સુધરે કાજ ॥૭॥
ચેહરમા તું તારણહાર, જગત સારાની તું પાલનહાર,
શક્તિ તારી અપરંપાર, વંદુ તુજને વારંવાર ॥૮॥
જગત જનનીનો તું અવતાર, ચૌદ બ્રહ્માંડમાં જય જયકાર,
કેમ કરીને પામું પાર, અખૂટ શક્તિનો તુ ભંડાર ॥૯॥
વરખડીની લીલી છાંય, ખેલે બાલ સ્વરૂપે માઈ,
કુમકુમ કેસરની માને બાણ, અદ્‌ભુત કાંતિ રૂપની ખાણ ॥૧૦॥
તારે દરવાજે નોબતો વાગે, તારો નાદ ગગનમાં ગાજે,
ડાકણ સાકણ ભૂત જ ભાગે, આરતી ટાણે ઝાલર વાગે ॥૧૧॥
દૂર દૂરથી ભક્તો આવે, આનંદ ઉત્સવ માનો મનાવે,
નવરાત્રિની આઠમ આવે, તારા દ્વારે રંગ જમાવે ॥૧૨॥

અબીલ ગુલાલ ઊડે રંગ, ચેહર મંદિરે વધ્યો ઉમંગ,
અનેક રૂપે ચેહર અભંગ, ભજતાં નડે ન મા એ રંગ॥૧૩॥
વસંત પંચમીનો આવે દિન, ભક્તજનો સૌ થાય તલ્લીન,
તારું રૂપ યમુનાનાં નીર, મા તારો પ્રાગટ્ય દિન॥૧૪॥
માનવ મહેરામણ ઊમટે ભાઈ, સુખડી, ધૂપ, નિવેદ ધરાય,
નર-નારી સૌ પ્રેમથી ખાય॥૧૫॥
ચેહર તારું નામ જ એક, તોયે તારાં સ્થાન અનેક,
મહેણાં ઉપર મારી મેખ, ભક્તો રાખે નિત્ય ટેક॥૧૬॥
હૈયે-હૈયાં ખૂબ મળે, દર્શન કરી માનાં ચરણે પડે,
રોગીઓના રોગ ટળે, ધનેચ્છુને ધન મળે॥૧૭॥
તારી કૃપા જેના પર થાય. દુ:ખ નિવારણ તેનું થાય,
પારે આવી લાગે પાય, માય બંધન છૂટી જાય॥૧૮॥
અસ્થિર જગ આ તો કહેવાય, ચેહર રહેતાં સ્થિર સદાય,
સરિતા સાગર માંહી સમાય, જગત તારામાં લીન જ થાય॥૧૯॥

'મા ચેહર'નો કરું ઉચ્ચાર, આવડે નહિ બીજું લગાર,
ત્રણે લોકની સર્જનહાર, ઉગારે ભવસાગર પાર ॥૨૦॥
ભૂમિ કેરો હરવા ભાર, જગમાં પ્રગટ્યાં વારંવાર,
વર્ણન કરતાં ના આવે પાર, એવી તારી લીલા અપાર ॥૨૧॥
જગત સ્વાર્થી છે મારે લાત, કોને શરણે જાવું માત ?
'શાહીબાગ' માં કૌશલ ભુવાની, સંકટ સમયમાં દે છે સાથ ॥૨૨॥
મા મને તારો છે વિશ્વાસ, અંતે આવ્યો તારી પાસ,
હૃદયકમળમાં કરજે વાસ, પૂરી કરજો સૌની આશ ॥૨૩॥
દીન-જનોનું શરણું તું, મીઠું અમૃત ઝરણું તું,
શરણે લેજે ચેહર માત, હાથ ઝાલીને કરજે સંગાથ ॥૨૪॥
ધરતાં ધ્યાન થાય પ્રકાશ, ભૂત - પ્રેતનો થાય નાશ,
દુ:ખ દારિદ્ર્ય ન આવે પાસ ॥૨૫॥
એકવીસ રવિવાર પૂર્ણ થાય, પૂર્ણ કરે તેની ઇચ્છાય,
ચેહર ચાલીસા મુખથી ગાય, પડના પ્રાયશ્ચિત્ત એનાં થાય ॥૨૬॥

દાનવ કેરો જ્યાં જ્યાં ત્રાસ, પળમાં જઈને કીધો નાશ,
પાઠ કરે રાખે વિશ્વાસ, પૂરી કરે છે ચેહરમા આશ॥૨૭॥
કુંવારી કન્યા રટણ કરે, ઇચ્છિત વરને એ તો વરે,
વિધવા નારી સ્મરણ કરે, નિર્ભય થઈને સઘળે ફરે॥૨૮॥
પૂજા પાઠ ને અનુષ્ઠાન, નથી પૂજન-વિધિનું ભાન,
નથી મંત્ર-તંત્રનું જ્ઞાન॥૨૯॥
તુજ મંત્રનો અધિક પ્રતાપ, જપતાં ટળે સૌ એ સંતાપ,
સાવધોરને ચેહર ચાલીસાનો પ્રતાપ॥૩૦॥
ભોળા માટે ભોળી થાય, સંકટ સમયે કરતાં સહાય,
પાઠ કરે તે પુનિત થાય, જન્મ-મરણનું ચક્ર જાય॥૩૧॥
યજ્ઞ કરી જે અર્પે ભાવ, ચેહર દર્શન તરત જ થાય,
ચેહર મંદિર જે કોઈ જાય, ભાવના તેવાં દર્શન થાય॥૩૨॥
દીધી રિદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
ભૂમિનો કરો હરવા ભાર, જગમાં પ્રગટ્યાં વારંવાર॥૩૩॥

છોડી દીધાં બીજાં કામ, ભાવે ભજતાં ચેહરનું નામ,
ભક્તજનોને દીધી હામ, પૂરણ કીધાં સઘળાં કામ ॥૨૭॥
દયા શક્તિ છે તારું નામ, દીન દુ:ખિયારાને તું વિશ્રામ,
'શાહીબાગ'માં ચેહર નામ, ચેહર નામ, ભક્ત થયો રાજુ નામ ॥૨૮॥
ચેહર મા તો થયાં પ્રસન્ન, ચેહર માએ દીધું વચન,
હરતાં ફરતાં ગાયે ગાન, ચેહર માનું ધરતાં ધ્યાન ॥૨૯॥
'રાજુ ભુવાની' વિનંતી માત, શરણે લેજે મુજને માત,
દાસ 'કમલ'નો સૂણજે સાદ, દોડી આવજે ચેહર માત ॥૩૦॥
માતાજીની માનતા મનાય, ચેહર પરિવાર ગુણલા ગાય,
ચેહર ચાલીસા જે કોઈ ગાય, ઉપ-તાપ તેનો મટી જાય ॥૩૧॥
તુજ કૃપાનું પામે બળ, ત્યારે આપે મા માંગ્યું ફળ,
ત્રિવિધ તાપ સહેજે ટળે, કોટિ જનમનાં પાપો બળે ॥૩૨॥
તારા ક્રોધે કંપે કાળ, ડોલી ઊઠે દસે દિક્પાળ,
હું અજ્ઞાની અવગુણ અપાર, તો પણ તારો હું છું બાળ ॥૩૩॥
વંદું તુજને વારંવાર, બોલો જય જય ચેહર માત, બોલો જય જય ચેહર માત.

# શ્રી ચેહર માત નમઃ

"એ જગત જનની માતા ચેહર તું દયાળી લાગતી
અંધકાર ભરી રાતડીમાં તું જ્યોતના ને જગતી
સેવક તણી કરવા સહાયો દયા દિલમાં લાવજો.
ચેહર ભવાની માત મારી વારે વહેલાં આવજો.
ચેહર ભવાની માત મારી વારે વહેલાં આવજો ॥૧॥
"એ. એ. એ. સંસારના સગડા સૌ સગા નીકળ્યા છે
સ્વાર્થી ભારે હૃદય નીકળ્યું છે મારું ભેદ ના
મારથી બાળક ઉપર દૃષ્ટિ માવડે વરસાવસો જો ચેહર
ભવાની માત મારી વારે વહેલાં આવજો
ચેહર ભવાની માત મારી વારે વહેલાં આવજો" ॥૨॥
"એ. એ. એ. દયા કરું છું રાત દિન દુઃખડાં
પડ્યાં છે એટલાં ખૂટ્યાં ના ખૂટે એ બધાં ના કેમ

હાસ દેવતા દુ:ખડાં કરીને દૂર માત મુજને હર્ષવજો,
ચેહર ભવાની માતા મારી વારે વહેલાં આવજો
ચેહર ભવાની માત મારી વારે વારે વહેલાં આવજો'' ॥૩॥
“એ. એ. એ. ભૂલો પડી ભટક્યાં કરું છું મારગ
કોઈ મળતો નથી આદિ નદીના એ અટાણેની રાહ
કોઈ જોતો નથી મા ‘રાજુ ભુવા'ની વિનંતી મારગ મુજને
બતાવજો ચેહર ભવાની માત મારી વારે વહેલાં આવજો
ચેહર ભવાની માત મારી વારે વહેલાં આવજો' ॥૪॥

## શ્રી ચેહરમાની શણગાર સ્તુતિ

શોભા શું ‘ચેહરમાતા'ની લખવા કીધું મન,
શારદા શક્તિ આપો મને લંબોદર પ્રસન્ન.
નિત નવી લીલા માતની મુજથી કહી ન જાય,
જે પર કૃપા હોય માતની તે માના ગુણલા ગાય.
બ્રહ્મા વિષ્ણુ મહેશ પણ જેનો ન પામે પાર,
મનબુદ્ધિથી વર્ણવું શો મારો અધિકાર.

નથી કદી કાશી ગયા, નથી ભણ્યો કઈ વૈદ,
જન્મ થકી જનની ભૂલ્યો, શાથી પામું ભેદ.
સત્સંગ તો દીઠો નથી, નથી કર્યા તપ જાપ,
કોઈને દાન દીધાં નથી, ન હોય પુણ્ય પ્રતાપ.
‘રણછોડપુરા’ દીઠો નથી, ન જોયું ચેહરનું ધામ,
કેમ કરી હું વર્ણવું, જનની રૂપ તમામ ?
દયા કરો આ દાસ પર, બુદ્ધિ આપો માત,
વધુ નહિ પણ શબ્દ બે, વિલાસ વર્ણન થાય.
‘ચેહર’ વર્ણન શું કરું, નિતે નવો તમે ખેલ,
મરતોલીમાં લીલા રચી, વાળી છે રેલમછેલ.
વરખડી નીચે બેઠાં તમો, હસ્તે ધર્યું ત્રિશૂલ,
દીવડા રૂપે જ્યોત બની, થયો ત્યાં ઢગલો ફૂલ.
અખંડ અંબોડો શોભતો, લલાટે કંકુની આડ,
નેત્ર વિશે મૃગલોચની, સુંદર ભૃકુટિ લલાટ.
ચમકે મોતી નાકનું, અધર ભર્યો તંબોળ,
હડપચીએ હીરલો જડ્યો કરણે જાલ જબુક.

મુગટ કુંડળે - ઝાંઝરી, હૈયે ઝબૂકે રે,
હસ્તે નંગ જડાવી, પ્રકાશનો નહિ પાર.
તાલમાં નાચતી તારુણી, ગીત મધુરાં ગાય,
ધણ ધણ ધરતી ધ્રૂજતી, ધણ પણ ત્રિભુવન થાય.
પાયલ મદભરી તારણી, મતવાલી ગીત ગાય,
મદભરી જેની આંખડી, રૂપ કોઈથી ન જોવાય.
દેવ બ્રહ્માદિક સહુ, આવિયા મરતોલીની માંય,
વિલાસ 'ચેહર' કરો, નીરખી સહુ ઘેલા મન થાય.
રણછોડપુરા ડોલી રહ્યું, જાણે ગગને ગર્જના થાય,
ભક્તજનો સૌ જાગી ગયા, આ શાનાં તાંડવ થાય ?
નવરાત્રિ આસો માસની, રૂડો શુભ યોગ વાર,
અનુપમ લીલા 'ચેહરમાત'ની, ભક્તિ જોવા તૈયાર.
શોભા વર્ણને માતની, શીખે સૂણે ને ગાય,
બાલ 'કમલ' સાચું ભણે, જન્મ-મરણ દુઃખ જાય.

# આરતી

જય આદ્યાશક્તિ મા જય આદ્યાશક્તિ (૨)
અખંડ બ્રહ્માંડ નિપજાવ્યાં, (૨) પડવે પ્રગટ્યાં,
જયો જયો મા જગદંબે.મા

દ્વિતીયા બે સ્વરૂપ શિવ શક્તિ જાણું, મા શિવ (૨)
બ્રહ્મા ગણપતિ ગાયે, (૨) હર ગાયે હર મા. જયો જયો...
તૃતીયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠાં, મા ત્રિભુવનમાં (૨)
ત્રયા થકી તરવેણી, (૨) તું તરવેણી મા. જયો જયો...
ચોથે ચતુરા મહાલક્ષ્મી, મા સચરાચર વ્યાપ્યાં, મા (૨)
ચાર ભુજા ચૌદિશા, (૨) પ્રગટ્યાં દક્ષિણમાં. જયો જયો...
પંચમી પંચ ઋષિ, પંચમી ગુણ પદ્મા, મા પંચમી (૨)
પંચ તત્ત્વ ત્યાં સોહીએ, (૨) પંચે તત્ત્વો મા. જયો જયો ...
પછી તું નારાયણી મહિષાસુર માર્યો, મા મહિષાસુર (૨)
નરનારીના રૂપે, (૨) વ્યાપ્યાં સઘળે મા. જયો જયો...
સપ્તમી સપ્ત પાતાળ, સંધ્યા સાવિત્રી, મા સંધ્યા (૨)
ગૌ ગંગા ગાયત્રી, (૨) ગૌરી ગીતા મા. જયો જયો...

અષ્ટમી આઠ ભુજા, આઈ આનંદા, મા આઈ (૨)
સુરનર મુનિવર જનમ્યા, (૨) દેવો દૈત્યો મા. જયો જયો...
નવમી નવકુળ નાગ, સેવે નવદુર્ગા, મા સેવે (૨)
નવરાત્રિનાં પૂજન શિવરાત્રિનાં અર્ચન, કીધાં હર બ્રહ્મા, જયો જયો...
દશમી દશ અવતાર, જય વિજયા દશમી, મા જય (૨)
રામે રામે રમાડ્યા, (૨) રાવણ રોળ્યો મા. જયો જયો...
એકાદશી અગિયારશ, કાત્યાયની કામા, મા કાત્યાયની (૨)
કામ દુર્ગા કાલિકા, (૨) શ્યામા ને રામા. જયો જયો...
બારશે બાળા રૂપ બહુચરી અંબા મા, મા બહુચરી (૨)
બટુક ભૈરવ સોહે, કાળ ભૈરવ સોહે, તારા ચાચર માંય. જયો જયો...
તેરશે તુળજા રૂપ તું તારુણી માતા, માતું (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ, (૨) ગુણ તારા ગાતા. જયો જયો...
ચૌદશે ચૌદા રૂપ, ચંડી ચામુંડા, મા ચંડી ચામુંડા (૨)
ભાવ ભક્તિ કાંઈ આપો, પોતાનો કરી સ્થાપો, સિંહવાહિની મા. જયો જયો...
પૂનમે કુંભ ભર્યો સાંભળજો કરુણા, મા સાંભળજો (૨)
વસિષ્ઠ દેવે વખાણ્યાં મારકંડ મુનિએ વખાણ્યાં, ગાઈ શુભ કવિતા. જયો જયો...

સંવત સોળ સત્તાવન, સોળસે બાવીસ, (૨)
મા સંવત સોળે પ્રગટ્યાં, (૨) રેવાને તીરે, ગંગાને તીરે. જયો જયો...
ત્રંબાવટી નગરી આઈ રૂપાવટી નગરી, મા કંકાવટી નગરી
સોળ સહસ્ત્ર ત્યાં સોહીએ, (૨) ક્ષમા કરો ગૌરી. જયો જયો...
શિવ શક્તિની આરતી જે કોઈ ગાશે, મા જે કોઈ (૨)
ભણે શિવાનંદ સ્વામી' (૨) સુખ સંપત્તિ થાશે,
હર કૈલાસે જાશે, મા અંબા દુ:ખ હરશે... જયો જયો...

## શ્રી વિશ્વભરીની સ્તુતિ

વિશ્વભરી અખિલ વિશ્વતણી જનેતા, વિદ્યા ધરી વદનમાં વસજો વિધાતા,
દુર્બુદ્ધિને દૂર કરી સદ્દ્ગુદ્ધિ આપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૧
ભૂલો પડી ભવરણે ભટકું ભવાની, સૂઝે નહિ લગીર કોઈ દિશા જવાની,
ભાસે ભયંકર વળી મનના ઉતાપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૨
આ રંકને ઊગરવા નથી કોઈ આરો, જન્માંધ છું જનની હું ગ્રહી બાંય તારો,
ના શું સૂણો ભગવતી શિશુના વિલાપો, મામ્રપાહી ૐભગવતી ભવદુ:ખ કાપો. ૩
મા કર્મજન્ય કથની કરતાં વિચારું, આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારું,
કોને કહું કઠણ મોત તણો બળાપો, મામપાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૪

હું ક્રોધ કામ મન મોહ થકી છકેલો, આડંબરે અતિ ઘણો મદથી બકેલો,
દોષો થકી દૂષિત ના કરી માફ પાપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૫
ના શાસ્ત્રના શ્રવણનું પયપાન પીધું, હા ! મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઈ કીધું,
શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૬
રે રે ભવાની ! બહુ ભૂલ થઈ છે મારી, આ જિંદગી થઈ મને અતિશે અકારી,
દોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૭
ખાલી ન કોઈ સ્થળ છે વિણ આપ ધારો, બ્રહ્માંડમાં અણુ અણુ મહીં વાસ તારો,
શક્તિ ન માપ ગણવા, અગણિત માપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૮
પાપ પ્રપંચ કરવા બધી વાતે પૂરો, ખોટો ખરો ભગવતી પણ હું તમારો,
જાડ્યાંધકાર દૂર કરી સદ્બુદ્ધિ આપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૯
શીખે સૂણે રસિક છંદ જ એકચિત્તે, તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિત્તે,
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૧૦
શ્રી સદ્ગુરુના શરણમાં રહીને ભજું છું, રાત્રિ દિને ભગવતી તુજને ભજું છું,
સદ્ભક્ત સેવક તણા પરિતાપ ચાંપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૧૧
અંતર વિશે અધિક ઊર્મિ થતાં ભવાની, ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃડાની,
સંસારના સકળ રોગ સમૂળ કાપો, મામ્પાહી ૐ ભગવતી ભવદુ:ખ કાપો. ૧૨